સંસ્થાપક : સંત 'પુનિત'

January, 2024

# જનકલ્યાણ


તંત્રી/સંપાદક - ડો. હરીશ દ્વિવેદી
Editor - Dr. Harish Dwivedi

(ગુજરાતી માસિક)
JANKALYAN (Gujarati Monthly)

પ્રકાશક - આનંદ જનકકુમાર ભટ્ટ
Publisher - Anand J. Bhatt

| | | | | |
|---|---|---|---|---|
| વર્ષ : ૭૩<br>Vol : 73 | અંક : ૧૦<br>Issue No. : 10 | તારીખ : ૨૧/૦૧/૨૦૨૪<br>Date : 21/01/2024 | વાર્ષિક લવાજમ : રૂ. ૩૦૦ = ૦૦<br>Annual Subscription : Rs. 300 = 00 | પ્રકાશન સ્થળ : પુનિત સ્મૃતિ, સંત પુનિત માર્ગ, મણિનગર અમદાવાદ - ૩૮૦૦૦૮<br>Place of Publication : Punit Smruti, Sant Punit Marg, Maninagar, Ahmedabad - 380008 |

॥ श्री रामचन्द्रं सततं नमामि ॥



## વતન એમ જીવનમાંથી છૂટે ખરું?

- ભદ્રાયુ વછરાજાની

શ્રી રાહુલ શુક્લ હળવાફૂલ પણ તેની વાતોમાં માર્મિકતા અને વતનપ્રેમ ભારોભાર.

"...હું અમેરિકા ભણવા ગયો તો 1400 ડૉલરની લોન લઈને ગયો હતો. મારા ફાધર બહુ જ ઇન્ટરએકચ્યુઅલ વ્યક્તિ પણ પૈસા કમાવાનું એમને ક્યારેય સારું આવડ્યું નહીં. તો પૈસા તો હતા નહીં પણ એમની ખૂબ ઇચ્છા કે હું પરદેશ જઈને ભણું. ભણવા કરતાં એ કહે કે તું દુનિયાને જો અને દુનિયાને સમજ. કારમી ગરીબી કારણ કે કૉલેજની ફી ને બધું ભરો પછી 1400 ડૉલરમાંથી કશું વધતું નહીં. એટલે મેં જાતજાતની નોકરીઓ કરી. સિક્યૉરિટી ગાર્ડ એટલે કે પગી અને વેઇટર અને ડ્રાઇવર અને એવું બધું... પરંતુ આ નાની નોકરીઓના ફળસ્વરૂપે આજે મને પણ દરેક વ્યક્તિ અને દરેક પ્રોફેશન માટે માન છે. હું ફિલ્મ જોવા જાઉં અને પેલો ગેટકીપર ટિકિટ ફાડતો હોય તો હું એને કહું, તેં બહુ સરસ રીતે ટિકિટ ફાડી, કારણ કે એને મન તો એમાં જ એને ગૌરવ લેવાનું છે ને. મને છેને તમે કોઈપણ કામ આપો, મને એ ગમતું હોય કે ન ગમતું હોય હું આનંદથી કરું. તમે મને કહો કે અહીંયાં સંજવારી કાઢી નાખ, તો હું કિશોરકુમારનાં ગીત ગાતાં ગાતાં તાલબદ્ધ રીતે સંજવારી કાઢું...!!! મારા મધર એમ કહેતા કે, રોતા જાય એ મૂઆના સમાચાર લઈને આવે. એટલે હું હંમેશાં આનંદથી રહ્યો ને આવી કેટલીય નોકરી કરી.



ડૉ. ભદ્રાયુ વછરાજાની

એકવાર મેં સમર જૉબ લીધો હતો, અમેરિકામાં ભણતો હતો ત્યારે. મારા ગામથી બે સ્ટેશન દૂર ટ્રેનમાં જવાનું. સવારે 6.20ની ટ્રેન હતી એટલે ટિકિટબારી બંધ હોય પણ પેલો ટ્રેનનો અંદરનો જે કંડક્ટર હોય એ જ તમને ટિકિટ વેચે. એટલે 25 સેન્ટ જવાના અને પાછો આવું સાંજે ત્યારે 25 સેન્ટ આવવાના. હું ખિસ્સામાં 25-25 સેન્ટના બે સિક્કા લઈને જાઉં અને પેલો આવે એટલે હું કહું કે મેટાચંદ ગામની ટિકિટ આપો. એક દિવસ મારે ૧૦ મિનિટ મોડું થઈ ગયું તો પણ હું તો દોડતો ગયો. તો હજી તો ટ્રેન ઊભી હતી. હું નસીબદાર એટલે બેસી ગયો ટ્રેનમાં અને પછી પેલો કંડક્ટર આવ્યો એટલે મેં કીધું મેટાચંદ. એ કહે, આ તો ફાસ્ટ ટ્રેન છે. મેટાચંદની તો ગઈ દસ મિનિટ પહેલાં. અને આ તો છેક નૂર્વક જાય છે એટલે તારે નૂર્વકની ટિકિટ લેવી પડશે, 75 પૈસા આપ મને. મારી પાસે 25-25ના બે સિક્કા હતા. હું તો અવાચક. હવે મારે શું કરવું? આવી કોઈ પૈસાની તકલીફ મેં કોઈ દિવસ જોઈ નહોતી. મારી સામે એક ઘરડા કાકા બેઠા હતા. મોટી હેટ પહેરી હતી અને મારી સામે જોયું. મૂંઝાયેલું મોઢું જોયું અને મને કહે What is the matter, son? એટલે મેં કીધું, આ હું ખોટી ટ્રેનમાં બેસી ગયો છું અને આ નૂર્વકનું કહે છે. મારી પાસે પૂરતા પૈસા નથી. 75 સેન્ટ કહે છે અને મારી પાસે 50 જ છે. એટલે એણે ખિસ્સામાંથી 25 સેન્ટ કાઢીને મને આપ્યા... તો પણ મારા મોઢા ઉપર મૂંઝવણ કે પાછો કેવી રીતે આવીશ હું નૂર્વકથી? મને એમ થયું કે સાલું પાછું કોઈક પાસેથી માંગવા પડશે, હું શું કરીશ? એણે જોયું still you look in trouble, what is the matter, son ? મેં કીધું how would I come back? એટલે એણે પાકીટ ખોલ્યું અને એણે મને એક ડૉલરની નોટ આપી. હું એટલો આભારવશ થઈ ગયો અને એટલો જ મૂંઝાઈ પણ ગયો. આંખમાં આંસુ દડ દડ થતાં હતાં, પણ હું કંઈ બોલી ન શક્યો. પછી તે દિવસે સાંજે આવીને મારા પાર્ટનર, યસુદાસ બહુ જ હોશિયાર સજ્જન વ્યક્તિ. એને કીધું કે, મેં પેલા કાકાનું ઍડ્રેસ પણ ન લીધું, નહીંતર એક કવરમાં 1 ડૉલર અને 25 સેન્ટ મૂકીને મોકલી દેત. એટલે એણે મને



વિતેલો દિવસ કેન્સલ કરેલા ચેક જેવો છે, આવતી કાલનો દિવસ
પ્રોમિસરી નોટ જેવો છે, જ્યારે આજનો દિવસ રોકડ રકમ જેવો છે.

કીધું કે, કોઈક આપણા તરફ kindness દેખાડે ને તો એ kindnessને પરત નથી કરવાની હોતી. એને આગળ વધારવાની હોય છે. એ કહે don't return, but pass it on..

અત્યારે મેં વઢવાણમાં બે ઍમ્બ્યુલન્સ મારી કંપનીની રાખી છે. કોઈપણ વ્યક્તિને હૉસ્પિટલથી હૉસ્પિટલ જવું હોય તો, ઘણા લોકોનું રસ્તામાં સુરેન્દ્રનગરથી અમદાવાદ પહોંચતાં જ અવસાન થઈ જતું હતું તો, અમે ICUની ફેસેલિટીવાળી બે ઍમ્બ્યુલન્સ અને કોઈ જાતના પૈસા વગર... અમે દર વર્ષે 400થી 500 લોકોને અહીંયાં લાવીને પાછા મૂકી આવીએ છીએ. અમે કોરોના વખતે ગામમાં બધાને માસ્ક બનાવીને આપ્યા હતા. પછી અત્યારે પણ બીજી કેટલી આવી ફેસેલિટીસ કરી છે. સુરેન્દ્રનગરની કેટલીયે સંસ્થાઓને ખૂબ દાન કરીએ છીએ. તો મને કોઈકે પૂછ્યું કે, તમે કેમ આટલું બધું દાન કરો છો? તો મેં કીધું, મારાથી પેલા કાકાના 1 ડૉલર ને 25 સેન્ટ ચૂકવાયા નથી હજુ, એટલે એ ચૂકવવા મારાથી બનતી કોશિશ કરું છું..."

ક્યારેક નોખાં અનોખાં વ્યક્તિને મળવાનું થાયને ત્યારે આપણને સર્જનહાર ઉપર વારી જવાનું મન થાય. શ્રી રાહુલ શુક્લ મૂળ વઢવાણ સુરેન્દ્રનગરના અને હાલ અમેરિકામાં ખાસ્સું મોટું સામ્રાજ્ય ધરાવે છે. રાહુલભાઈ હળવાફૂલ, પણ તેમની વાતોમાં માર્મિકતા અને વતનપ્રેમ ભારોભાર. વતન એમ જીવનથી છૂટે ખરું ? શ્રી રાહુલ શુક્લ જેવી એક વ્યક્તિ પોતાના વતન માટે – માતૃભૂમિ માટે હૃદયથી કેટલી ભાવુક હોય છે?!?

❖ ❖ ❖